# તંત્રી સ્થાનેથી

ભાઈચારા–બંધુત્વ વિના ઉમ્મતની પ્રગતિ શકય નથી. મુસલમાનોમાં અંદરો અંદર વિરોધાભાસ વધી રહયો છે. પરંતુ વિરોધાભાસોને શત્રુતા અને અલગતા સુધી પહોંચવા દેવો જોઈએ નહીં. એક બીજાને સહન કરવાની ભાવના, હિંમત કેળવવાની જરૂરત છે. ઈસ્લામના શત્રુઓ વિવિધ ધર્મો પાળતા હોવા છતાં ઈસ્લામ શત્રુતામાં એક છે. અને એક કુર્આન, એક કાબા, એક અલ્લાહ, એક રસૂલ પર શ્રદ્ધા ધરાવનારા અંદરો અંદર લડે, એ કેટલી બદનસીબીની વાત કહેવાય.

મુસલમાનો, ઈસ્લામ ધર્મ, મુસ્લિમ સંસ્થાઓ – ચળવળો, મદ્રસાઓ, તબ્લીગ જમાઅત વગેરે વિષે ઘણી ગેર સમજો પ્રવતી રહી છે. દેશ પર ૮૦૦ વરસ મુસલમાનોનું શાસન રહયું, પણ મવ. અલી મીયાં (રહ.)ના કહેવા પ્રમાણે દેશનો ગેર મુસ્લિમ વિદ્વાન પણ હજુ "અલ્લાહુ અકબર"ના અર્થથી નાવાકેફ છે. તેઓ અકબર બાદશાહને મુસલમાનોનો અલ્લાહ સમજે છે અને સમજે છે કે બાબરે બનાવેલી બાબરી મસ્જિદ દ્વારા મુસલમાનો મોગલ સત્તા ફરીથી સ્થાપવા માંગે છે, પણ એમને બતાવવામાં નથી આવતું કે આ સ્થાને કદી મંદિર ન હતું, રામ જન્મભૂમિ હોવાનો દાવો કરનાર અનેક મંદિરો આજે પણ અયોધ્યામાં છે, અને દરેકના પૂજારીનો દાવો છે કે એમનું મંદિર જ

રામજન્મભૂમિ છે. આપણે આ બધી હકીકતો મુસલમાનો અને હિંદુઓને બતાવીને ગેરસમજોના નિવારણની જરૂરત છે.

દેશવાસીઓને બતાવવાની જરૂરત છે કે આજની મુસલમાનોની રહેણી કરણીનું નામ ઈસ્લામ નથી. ઈસ્લામ તો કુર્આન, હદીસની શુદ્ધ–નિર્મળ પવિત્ર જીવન શૈલીનું નામ છે. જેનું ઉત્તમ ઉદાહરણ મદીનાના પવિત્ર જીવન દ્વારા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપણી સમક્ષ રજુ કર્યું છે. મુસ્લિમ વિદ્વાનોના મતે દરેક તે કાર્ય જે ન્યાયથી અન્યાય તરફ લઈ જતું હોય, તેનો ઈસ્લામથી કોઈ સંબંધ નથી.

મુસ્લિમ સમાજમાં ન્યાય અને સામાજિક સમાનતાનું પ્રમાણ ઘણું જ ઓછું છે. બેવાઓ, યતીમો, અશકતો, નિરાધારો, બીમારોની સહાય, મઝલૂમોની મદદ, અભણ લોકોની શિક્ષા વગેરે વાતો તરફ પુરતું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી. આવા સામાજિક કાર્યોમાં ઉલમાઓ અને દીની સમજ–ધગશ રાખનાર લોકોએ આગળ આવવાની જરૂરત છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે:

જે મુસલમાન બીજા મુસલમાનો સાથે હળે–ભળે અને એમની તફલીફોને સહન કરે, તે એવા મુસલમાન કરતાં સારો છે, જે સામાન્ય જનથી મેલ– મિલાપ ન રાખે, અને એમની તકલીફો પર સબર ન કરે.

———————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.

(બ્લેકબર્ન. યુ.કે.)

૧૨૦

## નમાઝમાં કાયદો, તશહહુદ અને સલામ

નમાઝનો અંત કાયદો, અને સલામ પર થાય છે. એટલે એ બંને એના છેલ્લા ભાગ છે. હા જો નમાઝ ત્રણ અથવા ચાર રકાત વાળી હોય તો પહેલી રકાત પઢયા પછી એકવાર વચમાં પણ બેસવામાં આવે છે તેને કાયદએ ઉલા કહેવામાં આવે છે, પરંતુ તેમાં માત્ર "તશહહુદ" પઢી ઉભા થઈ જાય છે. અને ત્રીજી અથવા ચોથી રકાત પઢયા પછી ફરીવાર બેસી, તેમાં તશહહુદ પછી દુરૂદ શરીફ પણ પઢવામાં આવે છે અને ત્યાર પછી સલામ પર નમાઝ પુરી કરવામાં આવે છે.

નીચેની હદીષોથી જણાશે કે કાયદાની ખરી રીત શું છે? અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કઈ રીતે કાયદો ફરમાવતા હતા? અને તેમાં શું પઢવાની આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તાલીમ આપી છે ? અને સલામ પર કેવી રીતે નમાઝ પુરી કરવી જોઈએ.

### કાયદાની સહી અને સુન્નત રીત

(١٦١) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ اَنَّ النَّبِيَّ ﷺ كَانَ اِذَا جَلَسَ فِى الصَّلٰوةِ وَضَعَ يَدَيْهِ عَلٰى رُكْبَتَيْهِ وَرَفَعَ اِصْبَعَهُ الْيُمْنٰى الَّتِىْ تَلِى الْاِبْهَامَ فَدَعَا بِهَا وَيَدُهُ الْيُسْرٰى عَلٰى رُكْبَتَيْهِ بَاسِطُهَا عَلَيْهَا۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જયારે નમાઝમાં બેસતા હતા તો બંને હાથ ગુંઠણો પર મુકતા હતા અને જમણા હાથના અંગુઠા સાથેની આંગળી (શહાદતની આંગળી) ઉઠાવી તેનાથી ઈશારો ફરમાવતા હતા. તે વખતે ડાબો

હાથ આપના ડાબા ગુંઠણ પર જ લાંબો રહેતો હતો. (એટલે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)તેનાથી કોઈ ઈશારો ન કરતા હતા.)

ખુલાસો :– કાયદામાં કલ્મએ શહાદત પઢતી વખતે શહાદતની આંગણી ઉઠાવી ઈશારો કરવો હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) સિવાય બીજા સહાબા (રદિ.)થી પણ રિવાયત કરવામાં આવી છે. અને બેશક રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત છે. જાહિરમાં એનો હેતુ એ છે કે જે વખતે નમાઝી "અશહદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ" કહી અલ્લાહના એક અને તેનો કોઈ ભાગીદાર ન હોવાની શાક્ષી આપી રહ્યો છે. તે સમયે તેનું હૃદય પણ તોહીદના ધ્યાન અને યકીનથી ભરપુર હોય, અને હાથની એક આંગણી ઉઠાવી શરીરથી પણ તેની શાક્ષી આપવામાં આવી રહી હોય, બલ્કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ની એ જ હદીષની અમૂક રિવાયતોમાં એ પણ વધારો છે કે શહાદતની આંગણીના ઈશારા સાથે આપ સલ. આંખથી પણ ઈશારો ફરમાવતા હતા. " وَاَتْبَعَهَا بَصَرَهٗ " અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ જ એ ઈશારા બાબત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ઈર્શાદ પણ નકલ ફરમાવ્યો છે.

"لَهِیَ اَشَدُّ عَلَى الشَّيْطَانِ مِنَ الْحَدِيْدِ "

અર્થાત :– શહાદતની આંગળીનો એ ઈશારો શૈતાન માટે લોખંડની ધારદાર છુરી અને તલવારથી વધુ તકલીફ જનક છે.

(١٦٢) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ اَنَّهٗ كَانَ يَرٰى عَبْدَ اللّٰهِ بْنِ عُمَرَ يَتَرَبَّعُ فِى الصَّلٰوةِ اِذَا جَلَسَ فَفَعَلْتُهٗ وَاَنَا يَوْمَئِذٍ حَدِيْثُ السِّنِّ فَنَهَانِى عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ وَقَالَ اِنَّمَا سُنَّةُ الصَّلٰوةِ اَنْ تَنْصِبَ رِجْلَكَ الْيُمْنٰى وَتَثْنِىَ الْيُسْرٰى فَقُلْتُ اِنَّكَ تَفْعَلُ ذَالِكَ فَقَالَ اِنَّ رِجْلَاىَ لَاتَحْمِلَانِّىْ۔(رواه البخارى)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ના પુત્ર અબ્દુલ્લાહથી રિવાયત છે કે તેઓ તેમના વાલિદ (અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ને જોતા હતા કે તેઓ નમાઝમાં પલાંઠી વાળી બેસતા હતા. (તેઓ કહે છે કે વાલિદ સાહબની તાબેદારીમાં) હું પણ એવી રીતે પલાંઠી વાળી બેસવા લાગ્યો, જો કે હું તે સમયે બિલકુલ નાનો હતો. તો વાલિદ સાહેબે એ મુજબ બેસવાથી મને રોકયો અને મને બતાવ્યું કે નમાઝમાં બેસવાની શરઈ રીત એ છે કે જમણો

પગ ઉભો રાખો, અને ડાબો પગ વાંકો કરી બિછાવો, મેં અરજ કરી કે તમે પોતે જ પલાંઠી વાળી બેસો છો? તેમણે ફરમાવ્યું કે (હું લાચારી અને તકલીફના કારણે એ પ્રમાણે બેસુ છું) મારા પગો હવે મારૂ વજન ઉઠાવી શકતા નથી. (બુખારી શરીફ)

ખુલાસો :– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ના એક પુત્રનું નામ પણ અબ્દુલ્લાહ જ હતું, આ તેમનો જ બનાવ છે જે વર્ણન થયો, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ને અલ્લાહ તઆલાએ લાંબુ આયુષ્ય અર્પણ કર્યુ, ચોરાસી વર્ષ અને એક રિવાયત મુજબ છયાસી વર્ષની ઉમરમાં મૃત્યુ પામ્યા. છેલ્લી ઉમરમાં ઘડપણના કારણે તેઓ નમાઝમાં સુન્નત મુજબ પોતાના પગો પર બેસી શકતા ન હતા, જેથી લાચારીએ પલાંઠીવાળી બેસવું પડતું હતું (અને એ પણ કહેવામાં આવે છે કે તેમના પગોમાં ખાસ તકલીફ હતી, જેના કારણે તેઓ કાયદામાં સુન્નત મુજબ બેસવાથી લાચાર હતા)

મતલબ કે તેમના પુત્ર અબ્દુલ્લાહે પણ તેમની તાબેદારીમાં તેમની માફક પલાંઠી વાળી બેસવાનું શરૂ કર્યુ, (ભલે તેઓ તે સમયે તેમના કહેવા મુજબ વૃધ્ધ નહીં પણ નવજવાન હતા) હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ તેમને એવું કરતાં જોયા તો રોકયા. અને બતાવ્યું કે નમાઝમાં બેસવાની ખરી રીત એ છે કે જમણો પગ ઉભો રાખવામાં આવે, અને ડાબો પગ વાંકો કરી તેની ઉપર બેસવામાં આવે, અને તેમના વિષે ફરમાવ્યું કે હું લાચારીથી પલાંઠી વાળી બેસું છું, મારા પગો મારા શરીરનું વજન ઉઠાવવા લાયક રહ્યા નથી.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ના છેલ્લા શબ્દો "اِنَّ رِجْلَایَ لَا تَحْمِلَانِّیْ" (મારા બંને પગ મારો બોઝ ઉઠાવી શકતા નથી) થી એ વાત સાફ સમઝમાં આવે છે કે તેમના ત્યાં કાયદાનો સુન્નત તરીકો એ હતો જેમાં માણસના શરીરનો ભાગ (વજન) તેના પગો પર રહે, અને તે ત્યારે જ બની શકે છે જેને "ઈફતિરાશ" કહેવામાં આવે છે. જે આપણો મામૂલ છે.

"નમાઝ કેવી રીતે પઢવી" ના શિર્ષક હેઠળ હદીસની શરહના સિલસિલામાં હઝરત અબૂ હુમૈદ સાઈદી (રદિ.)ની તે રિવાયત વર્ણન થઈ ચુકી છે. જેમાં છેલ્લા કાયદામાં રસૂલુલ્લાહનું બીજા તરીકા પર બેસવાનું પણ વર્ણન છે. જેને "તવર્રૂક" કહે છે. અને એ વિષે ઈમામો અને હદીષ વેત્તાઓના વિવિધ ખ્યાલોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

**પહેલા કાયદામાં ટુંકાણ અને જલ્દી કરવું**

(١٦٣) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍؓ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا جَلَسَ فِى الرَّكْعَتَيْنِ كَاَنَّهٗ عَلَى الرَّضْفِ حَتّٰى يَقُوْمَ۔ (رواه الترمذی والنسائی)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જયારે પહેલી બે રકાતો પર બેસતા હતા (એટલે કાયદાએ ઉલા ફરમાવતા હતા તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એટલી ઉતાવળ કરતા હતા) જેવી કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તપતા પત્થરો પર બેઠા છે. અને તરત ત્રીજી રકાત માટે ઉભા થઈ જતા હતા.

ખુલાસો :– હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના હમેશાના અમલથી એ સમઝાય છે કે પહલા કાયદામાં માત્ર તશહહુદ પઢીને જલ્દી ઉભા થઈ જવું જોઈએ.

**તશહહુદ**

(١٦٤) عَنْ اِبْنِ مَسْعُوْدٍؓ قَالَ عَلَّمَنِىْ رَسُوْلُ اللّٰهِ ﷺ التَّشَهَدَ كَفِّىْ بَيْنَ كَفَّيْهِ كَمَا يُعَلِّمُنِى السُّوْرَةَ مِنَ الْقُرْآنِ التَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّداً عَبْدُهٗ وَرَسُوْلُهٗ۔

(رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એવી હાલતમાં મને તશહહુદ શિખવાડી કે મારો હાથ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના હાથોમાં હતો, જેવી રીતે આપ કુર્આન પાકની સૂરતોનું શિક્ષણ આપતા હતા (તે મુજબ મને તશહહુદ શિખવાડી)

"اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّداً عَبْدُهٗ وَرَسُوْلُهٗ "

તર્જુમો :– અદબ અને તાઝીમ (મોટાઈ) અને નિયાઝમંદીના બધા જ

શબ્દો અલ્લાહ માટે જ છે. અને બધી ઈબાદતો, અને બધા સદકા અલ્લાહ માટે જ છે. (અને હું તે બધાની ભેટ અલ્લાહના દરબારમાં રજૂ કરૂં છું) તમારા ઉપર સલામ થાય એય નબી, અને અલ્લાહની રહમતો અને બરકતો, સલામ થાય અમારા ઉપર અને અલ્લાહના બધા નેક બંદાઓ ઉપર, હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદત અને બંદગીના લાયક નથી (માત્ર તે જ ઈબાદતના લાયક છે) અને હું એ વાતની પણ ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)તેના બંદા અને પયગમ્બર છે.

ખુલાસો :– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સહાબા (રદિ.)ને જે શિખવાડતા અને બતાવતા હતા, તેમાં સૌથી વધુ પ્રબંધ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કુર્આન પાકની તાલીમનો ફરમાવતા હતા, પરંતુ તશહહુદ (અત્તહિય્યાત)ની તાલીમ અને તલ્કીન આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે જ ખાસ પ્રબંધ સાથે ફરમાવી જે પ્રબંધથી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કુર્આન પાકની કોઈ સૂરત શિખવતા હતા. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)નો હાથ પોતાના હાથોમાં પકડવો પણ એ જ બાબતની એક વસ્તુ હતી, અને "તહાવી"ની એક રિવાયતમાં છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈબ્ને મસ્ઉદ (રદિ.)ને તશહહુદ એક એક શબ્દ કરીને શિખવી, જેવી રીતે બાળકો અથવા અભણ લોકોને કોઈ અગત્યની વસ્તુ યાદ કરાવવામાં આવે છે. અને મુસ્નદે અહમદની એક રિવાયતમાં એ પણ છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)ને આ તશહહુદ શિખવાડી હુકમ ફરમાવ્યો કે તેઓ બીજાઓને પણ શિખવાડે, તશહહુદ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.) સિવાય હઝરત ઉમર (રદિ.) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) હઝરત આયશા સિદ્દીકા (રદિ.) અને અમૂક બીજા સહાબા (રદિ.)થી પણ રિવાયત કરવામાં આવ્યું છે. તે રિવાયતોમાં એકાદ બે શબ્દોનો નજીવો ફરક પણ છે. પરંતુ મુહદ્દીસો એ વાત પર સહમત છે કે સનદ અને રિવાયતના આધારે હઝરત ઈબ્ને મસ્ઉદ (રદિ.)નું તશહહુદ જ વધુ યોગ્ય છે. ભલે બીજી રિવાયતો પણ સહીહ છે. અને તેમાં આવેલું તશહહુદ પણ પઢી શકાય છે.

અમુક હદીષ વેત્તાઓએ વર્ણન કર્યુ છે કે આ તશહહુદ શબે મેઅરાજ (મેઅરાજની રાત)નો સંવાદ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી

વસલ્લમ)ને જયારે બારગાહે કુદુસિયતમાં હાજરી નસીબ થઈ, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અબ્દિય્યતની ભેટ આ રીતે રજૂ કરી હતી, અને મતલબ કે આ પ્રમાણે સલામી આપી.

અત્તહિય્યાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતૂ, (અલ્લાહ તરફથી ઈર્શાદ થયો) અસ્સલામો અલયક અય્યુહન્નબિય્યુ વ રહમતુલ્લાહિ વ બરકાતુહ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જવાબમાં ફરમાવ્યું) અસ્સલામુ અલૈના વઅલા ઈબાદિલ્લાહિસ્સાલિહીન. ત્યાર પછી (ઈમાનના વાયદાને ફરીવાર તાજો કરવા માટે) વધુ અરજ કરી અશહદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વ રસૂલુહૂ. તે હદીષ વેત્તાઓએ લખ્યું છે કે નમાઝમાં આ સંવાદને "શબે મેઅરાજ"ની યાદગાર રૂપે અક્ષરસ જ લઈ લેવામાં આવ્યું છે અને એ જ કારણે "અસ્સલામુ અલૈક અય્યુહન્નબિય્યુ"માં સંબોધન વાચક રૂપ કાયમ રાખ્યું છે.

અહીંયા આ વાત પણ બયાન કરવા જેવી છે કે સહીહ બુખારી વગેરેમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી જ રિવાયત છે કે તશહહુદમાં "અસ્સલામૂ અલૈક અય્યુહન્નબિય્યુ" અમે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હયાતી મુબારકમાં તે વખતે કહ્યા કરતા હતા, જયારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અમારી સાથે અને અમારી વચમાં હતા, પછી જયારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો વિસાલ થયો તો અમે તેના બદલે "અસ્સલામૂ અલન્નબિય્યિ" કહેવા લાગ્યા.

પરંતુ ઉમ્મતના સંયુકત અમલથી જણાય છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જે શબ્દો શિખવ્યા હતા (અથવા મેઅરાજના સંવાદ વાળી પ્રખ્યાત રિવાયતના આધારે અલ્લાહ તરફથી જે શબ્દો ઈર્શાદ થયા હતા) એટલે "અસ્સલામુ અલૈક અય્યુહન્નબિય્યુ" હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના માટે તેમાં એક ખાસ મઝા છે. હવે જે લોકો આ સંબોધનથી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના હાજિર નાઝિર હોવાની માન્યતા જાહેર કરવા ઈચ્છે છે. તેમના વિષે એ જ કહી શકાય છે કે તેઓ શિર્ક પસંદીના બીમાર ઘણા જ ખરાબ શોખ ધરાવતા અને અરબી ભાષા અને વ્યાકરણની વિશેષતાઓથી બિલ્કુલ વંચિત છે.

---

# અલ્લાહ એક અને ઇસ્લામ જ સાચો ધર્મ

## 'સવધર્મ સમાન'ની થીયરી ઇસ્લામ વિરુદ્ધ છે.

—મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًا بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١٨﴾ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۗ وَمَا اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ؕ وَمَنْ يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿١٩﴾ فَاِنْ حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِيَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ ؕ وَقُلْ لِّلَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ وَالْاُمِّيّٖنَ ءَاَسْلَمْتُمْ ؕ فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿٢٠﴾

તરજમહ : અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ અને (સચ્ચાઈ જાણનારા) બધાની ગવાહી આપે છે કે તેના સિવાય કોઇ ઈબાદતને લાયક નથી, તે જ ન્યાય સાથે (સૃષ્ટિને) સંભાળે છે. તેના સિવાય કોઇ ઈબાદતને લાયક નથી, શકિતશાળી હિકમતવાળો છે. (૧૮) બેશક ધર્મ તો અલ્લાહ પાસે નજીક માત્ર ઈસ્લામ જ (સ્વીકાર્ય) છે. અને જેમને આસમાની ગ્રંથો આપવામાં આવ્યા હતા એ લોકોએ સચ્ચાઈ એમની પાસે પહોંચી ગઈ ત્યાર પછી જ જે વિરોધ કર્યો છે, તે એમની અંદરોઅંદરની જિદ (અદેખાઈ)ના કારણે છે. અને જે કોઇ અલ્લાહની આયતો (હુકમો)નો ઈન્કાર કરતો હશે તો બેશક અલ્લાહ તેનો બહુ જલદી હિસાબ લેનાર છે. (૧૯) (હે નબી !) હવે પણ પણ જો તેઓ તમારી સાથે ઝઘડો (દલીલબાજી) કરે તો કહી દયો કે મેં તેમજ મને અનુસરનારા લોકોએ પોતાનું મોંઢું અલ્લાહ સામે (તાબેદાર) કરી દીધું છે. અને અહલે કિતાબ તેમજ અભણ (જેમને કિતાબનું જ્ઞાન નથી એવા) લોકોને પૂછી લ્યો શું તમે ઈસ્લામ લાવો છો ? પછી જો તેઓ ઈસ્લામ લાવે તો તેમણે હિદાયત મેળવી લીધી સમજો. અને જો તેઓ મોંઢું ફેરવી લે (માને નહિ) તો (તમે ફિકર ન કરશો) તમારા જિમ્મે માત્ર (હિદાયતની વાત) પહોંચાડવી જ જરૂરી હતી. અને અલ્લાહ બંદાઓને સારી રીતે નિહાળે છે. (૨૦)

તફસીર: ગવાહી એવી વાતની આપવામાં આવે છે જેના વિશે ગવાહને સંપૂર્ણ યકીન હોય. આમ અલ્લાહ તઆલાના એક હોવા (તવહીદ)ની હકીકત

અલ્લાહ તઆલા અને ફરિશ્તાઓ ઉપરાંત દરેક જાણકારના યકીનની વાત છે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની એક સિફત ''ન્યાય સાથે (સૃષ્ટિને) સંભાળવાની'' વર્ણન કરી છે. અમુક લોકો સમજે છે એ મુજબ ન્યાયનો અર્થ સમાનતા નથી, બલકે દરેક કામ યોગ્ય રીતે કરવાને ન્યાય કહેવામાં આવે છે. એટલે કે અલ્લાહ તઆલા સંપૂર્ણ આયોજન પ્રમાણે જ સૃષ્ટિનું સંચાલન કરે છે. ચાહે લોકોને એ બધું સમજમાં આવે કે ન આવે.

આયત નં ૧૯ માં અલ્લાહના દરબારમાં ફકત ઈસ્લામ ધર્મ જ સ્વીકાર્ય અને માન્ય હોવાનું સ્પષ્ટ એલાન છે. ભારતમાં એક ઝમાનામાં અકબર બાદશાહે નવો ધર્મ રચવા ઉપરાતં બધા જ ધર્મો સત્ય હોવાની થિયરી ચલાવી હતી, આજે પણ 'સર્વ ધર્મ સમાન'ના નારામાં એની અસર જોવા મળે છે. કુરઆનની આ આયતમાં એનું સ્પષ્ટ ખંડન છે. મુસલમાન માટે જરૂરી છે કે ફકત ઈસ્લામ ધર્મને જ સાચો સમજે, એ અલ્લાહના દરબારમાં સ્વીકાર્ય છે. ઈસ્લામ ઉપરાંત કોઈ બીજા ધર્મને સાચો સમજવો પણ અલ્લાહને ત્યાં માન્ય નથી. આ આયતમાં આગળ કહેવામાં આવ્યું છે કે, અહલે કિતાબ એટલે કે યહૂદીઓ અને ઈસાઈઓ એમને એમના નબીઓ મારફત આપવામાં આવેલ ખુદાઈ ઈલ્મના કારણે એક નબી આવવાના છે, એમ જાણતા હતા, પણ જયારે એ નબી (મુહમ્મદ) કુરઆન અને અલ્લાહના આદેશો લઈને આવ્યા તો પરસ્પરના હસદ અને જિદના કારણે એમને નબી માનવાના બદલે દુશ્મન બની ગયા. તેઓ એમ વિચારતા હતા કે નબી આપણી કોમમાંથી હશે પણ બીજી કોમમાં પેદા થયા એટલે અદેખાઈના માર્યા વિરોધ કરે છે. દુનિયામાં સામાન્ય પણે સત્યનો વિરોધ આવા કારણે જ થાય છે. સચ્ચાઈ બધા જ જાણે – સમજે છે પણ અંગત સ્વાર્થ અને અદેખાઈના કારણે એનો વિરોધ કરવામાં આવે છે.

આયત નં ૨૦માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જવાબદારીની મર્યાદાઓ બતાવવામાં આવી છે. આપનું કામ હિદાયતની વાતો એમના સુધી પહોંચાડવાની છે. બધું સમજવા છતાં અદેખાય કે સ્વાર્થના કારણે તેઓ આપની સાથે દલીલબાજી કે ઝઘડો કરે તો એમને કહી દેવામાં આવે કે હું અને મારા અનુયાયીઓ તો અલ્લાહને તાબે છે. તમે બધા બોલો ! ઈસ્લામ સ્વીકારો છો કે નહીં ? ઈસ્લામ સ્વીકારતા હોવ તો હિદાયત વાળા છો, નહીં તો પછી આવા લોકો અલ્લાહને હવાલે છે. અલ્લાહ એમને જોઈ લેશે, નબીની જવાબદારી પૂરી થાય છે.

● ● ● ● ● ● ● ● ● ● ● ● ●

# લાલચ

એક નેક માણસ તેમના અમુક શિષ્યો સાથે સફર કરી રહયા હતા, રસ્તામાં તેમને એક જંગલ નજરે પડયું, જેમાં એક હરિયાળુ વૃક્ષ લહેરાઈ રહયું હતું, અને નીચે સોનાની ત્રણ ઈંટો પણ પડી હતી, તે નેક માણસના શિષ્યોમાં અમુક દુનિયાના લાલચુ પણ હતા, બુઝુર્ગે એ ત્રણ ઈંટોં તરફ ઈશારો કરતા પોતાના શિષ્યોને કહયું કે

"જુઓ ! આ ત્રણ ઈંટોં દુનિયાનું ધન છે, જે પણ તેને મેળવવા માટે (પ્રાપ્ત કરવા માટે) લાલચ કરશે તેનું પરિણામ ખરાબ આવશે," પરંતુ બુઝુર્ગના ત્રણ લાલચુ શિષ્યોની સમજમાં આ વાત ન આવી, બલ્કે ઈંટોને જોઈને તેમના મોઢામાં પાણી આવી ગયું, અને તેઓ એક જગ્યાએ સંતાય ગયા, જયારે ગુરૂ અને બીજા શિષ્યો આ ત્રણ શિષ્યોની નજરથી દૂર ચાલ્યા ગયા, તો આ ત્રણેય શિષ્યોએ ઈંટોને આપસમાં વહેંચવાનો મશ્વેરો કર્યો, અને આપસમાં એક એક ઈંટ લેવાનો ફૈંસલો કર્યો, જેથી જીંદગી ઐશ અને આરામથી પસાર કરી શકાય.

પરંતુ તે ઘણા દૂર સફરમાં નીકળ્યા હતા, અને વખત પણ ઘણો વીતી ગયો હોવાથી તેમને સખત ભૂખ લાગી, અને તેમણે અંદરો અંદર મશ્વેરાથી એક સાથીને બઝાર મોકલવાનું નકકી કર્યુ, જેથી જમી–પરવારી ઘરે પાછા ફરી શકાય, માટે એક સાથીને ભોજન લેવા માટે બઝાર મોકલવામાં આવ્યો, પરંતુ બઝાર પહોંચતા જ તેની નિય્યત બગડી ગઈ અને એકના બદલે ત્રણેય ઈંટોની લાલચ થઈ, માટે તેણે ભોજનમાં ઝેર ભેળવી દીધું, જયારે તે ભોજન લઈને પરત આવી રહયો હતો તે દરમિયાન બાકીના બે સાથીઓની નિય્યતમાં પણ એકના બદલે દોઢ ઈંટ લેવાની લાલચ દિલમાં ઉત્પન્ન થઈ, માટે તે બન્નેવે આપસમાં મશ્વેરો કર્યો કે જેવો આપણો સાથી પરત ફરે તો તેના પર ખૂબ ગુસ્સો કરવામાં આવે અને તેને મારી નાંખવામાં આવે. માટે જેવો પહેલો સાથી ભોજન લઈ પરત ફર્યો કે તેના સાથીઓએ તેને ખૂબ ધમકાવ્યો, અને તેને એટલો માર્યો કે તેનો જીવ નીકળી ગયો. તેના મૃત્યુ પછી પેલા બંન્નેવ સાથીઓએ મઝાથી ભોજન જમ્યું, પરંતુ ભોજનમાં તો ઝેર ભેળવેલ હતું, એટલે ખાવું ખાતા જ તેઓનું પણ ત્યાં જ મૃત્યુ થઈ ગયું અમૂક દિવસો પછી જયારે નેક બુઝુર્ગ અને તેના શિષ્યોનો ત્યાંથી ગુઝર થયો, તો નેક બુઝુર્ગે એ ત્રણેવની લાશો તરફ ઈશારો કરતા કહયું કે " જુઓ આ દુન્યા અને દુન્યા મેળવવાની લાલચનું પરિણામ".

# લોકોના ચહેરા વિકૃત કરવા
# આપણું કામ નથી.

શરૂમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જયારે મક્કામાં પુરતું સમર્થન ન મળ્યું તો તાઈફ શહેરના સરદારો પાસે ગયા હતા અને ઈસ્લામ સ્વીકારીને પોતાને રસૂલે ખુદા તરીકે સમર્થન, સહકાર અને પનાહ આપવાની રજૂઆત કરી હતી. તાઈફના સરદારોએ ઉલટાનું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું અપમાન કર્યું એટલે પાછા મક્કા આવવાનું નક્કી કર્યું. આવી સ્થિતિમાં મક્કામાં પાછા આવવામાં વધારે મુસીબતોનો ખોફ હતો એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાહતા હતા કે, મક્કાના કોઈ સરદારની પનાહ અને ટેકો લઈને મક્કામાં આવે. જેથી કોઈ દુશ્મન સતાવે નહીં. એના માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પ્રથમ અખ્નસ બિન શરીકને પનાહ માટે કહેવડાવ્યું, એણે ઈન્કાર કર્યો તો સુહૈલ બિન અમ્રને કહેવડાવ્યું તો એણે પણ ના પાડી.

આ સુહેલ બિન અમ્ર મક્કાનો મોટો સરદાર હતો. મક્કાના સરદારોમાં એની વાતને મહત્વ આપવામાં આવતું હતું. ઈસ્લામ અને મુસલમાનોની દુશ્મનીમાં સૌથી આગળ.

મુસલમાનો મદીના હિજરત કરીને આવ્યા પછી બદરની લડાઈ થઈ તો મક્કાના જે ૭૦ દુશ્મનોને કેદ કરવામાં આવ્યા હતા, એમાં આ સુહૈલ પણ હતો. એક સમયે રસૂલે ખુદાને પનાહ આપવાનો ઈન્કાર કરનાર આજે રસૂલે ખુદાની કેદમાં હતો.

મુસલમાનોની કેદમાંથી છુટયા પછી પણ એની દુશ્મની એવી જ રહી. ઉહદમાં પણ કાફિરો તરફથી લડાઈમાં શામેલ હતો.

હુદયબિયહની સુલહ વેળા સુલેહની વાતચીત, સુલેહ કરારનું લખાણ અને સહી કરવામાં મક્કાના લોકોનો પ્રતિનિધ પણ આ સુહૈલ જ હતો.

આ વેળા પણ રસૂલે ખુદા અને મુસલમાનો પ્રત્યેની દુશ્મની જોવા જેવી હતી. કરારનામું લખતી વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' લખાવ્યું તો કહેવા લાગ્યો કે, રહમાન કોણ છે ? હું નથી જાણતો. ફકત અલ્લાહનું નામ લખાશે. પછી જયારે આગળ લખાવ્યું કે, 'આ તે કરાર છે, જેના ઉપર રસૂલે ખુદા મુહમ્મદ સાથે સુલેહ થઈ છે.' તો કહેવા લાગ્યો કે, અમે તમને રસૂલે ખુદા સમજતા હોત તો પછી આ બધા ઝઘડા અને લડાઈ જ ન હોત. એટલે ફકત 'મુહમ્મદ' નામ લખાશે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાહતા હતા કે કોઈ પણ રીતે સુલેહ થઈ જાય, એટલે એની જિદ મુજબ કરારનું લખાણ લખાવવા લાગ્યા. એવામાં આ સુહૈલના સગા બેટા અબૂ જુન્દલ પગોમાં લગાવેલી સાંકળો ઘસેડતા ઘસેડતા આવી ત્યાં આવી પહોંચ્યા. તેઓ મુસલમાન થઈ ગયા હતા અને સુહૈલે એમને સાંકળોથી બાંધી રાખ્યા હતા. તેઓ આવીને મુસલમાનોને પોકારવા લાગ્યા. તેઓ મુસલમાનો સાથે થઈ જવા ઈચ્છતા હતા.

સુલેહની એક શરત આ હતી કે, મક્કાનો કોઈ વ્યકિત મુસલમાન બનીને એના વડીલોની પરવાનગી વગર મુસલમાનો પાસે આવે તો એને પાછો કરી દેવામાં આવે.

સુહૈલે આ શરત સામે કરીને કહયું કે, હમણા જ આ શરત ઉપર અમલ કરીને અબૂજુન્દુલને પાછો કરવામાં આવે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હજુ તો સુલેહનું લખાણ લખાય રહયું છે, અને આવો આગ્રહ ?

એણે કહયું કે, એને પાછો કરો. નહીં તો સુલેહ જ નહીં થાય.

આપે ફરમાવ્યું કે, ફકત મારા લીધે એને છોડી દયો.

એણે કહયું કે, ના, તમારા લીધે પણ નહીં.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઓર આગ્રહ કર્યો પણ એ તૈયાર ન થયો અને બધાની સામે જ અબૂજુન્દુલ રદિ.ને તમાચો મારી દીધો.

અબૂજુન્દુલ રદિ. બુમો પાડીને મુસલમાને કહેવા લાગ્યા : હે મુસલમાનો ! તમે મને પાછો દુશ્મનોમાં મોકલો છો ? તેઓ મને દીન બાબતે પરેશાન કરશે.

અત્યંત હદયદ્રાવક દશ્ય હતું. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શાંત અને ધીરજવાન હતા. અબૂજુન્દુલ રદિ.ને નસીહત કરી કે સબ્ર કરો. ધીરજ ધરો. આ દુખોનો તમને ઘણો જ સવાબ મળશે. આપણી સુલેહ થઈ ગઈ છે અને આપણે સુલેહ તોડનાર લોકો નથી.

સમય વીતતો રહયો. ધીરે ધીરે મુસલમાનોની શકિત વધતી રહી અને છેલ્લે એવા દિવસો આવ્યા કે, મુસલમાનોએ મક્કા ઉપર ચડાઈ કરી અને મક્કા જીતી લીધું. અત્યાર સુધી મુસલમાનોને રંજાડનાર, મારનાર અને હત્યાઓ કરનાર બધા શત્રુઓ ફફડતા હતા. પણ રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બધાને માફી જાહેર કરી દીધી. સાથે જ એમ પણ જાહેરાત કરી કે જે કોઈ ઘરનો દરવાજો બંધ કરીને બેસી જશે, એને પણ માફી આપી દેવામાં આવી છે.

સુહૈલ હજુ સુધી મુસલમાન થયો ન હતો. અત્યાર સુધી મુસલમાનો સાથે જે અદાવત અને વેર–ઝેર વેર્યું હતું, એ યાદ કરીને એમ જ સમજતો હતો કે મને માફ કરવામાં નહીં આવે. મને તો બદલામાં મારી જ નાખવામાં આવશે. સુહૈલના એક પુત્ર અબ્દુલ્લાહ પણ મુસલમાન થઈ ચુકયા હતા અને મુસલમાનો સાથે લશ્કરમાં શામેલ હતા. સુહૈલે અબ્દુલ્લાહના નામે સંદેશો મોકલાવ્યો કે મને બીક છે કે મને મારી નાખવામાં આવશે. એટલે મારા માટે રસૂલે ખુદા પાસેથી રક્ષણ – શરણનો પરવાનો મેળવી લ્યો. હઝરત અબ્દુલ્લાહ રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવીને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! તમે સુહૈલને રક્ષણ આપશો ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હા, કેમ નહીં ? તેઓ અલ્લાહ તરફથી સલામત છે. તેઓ બહાર આવી જાય, કોઈ વાંધો નથી. પછી આપ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમે તે મજલિસમાં બેસેલા લોકોને સંબોધીને કહયું :

તમારી કોઈની સુહેલ સાથે મુલાકાત થાય તો એમના તરફ આંખો પણ કાઢવી નહીં. જાઓ સુહૈલને જઈને કહો કે બહાર આવી જાય. ખુદાની કસમ ! તેઓ ઘણા જ હોશિયાર અને સન્માનનીય વ્યકિત છે. આવો સમજદાર અને મહાન માણસ ઈસ્લામથી દૂર રહી જ ન શકે. એમને પણ હવે સમજમાં આવી ગયું હશે કે એમનાથી જે કામ કરાવવામાં આવતું હતું, એ બેકાર હતું. અબ્દુલ્લાહ રદિ. પોતાના વાલિદ પાસે જઈને બધું સંભળાવે છે તો સુહૈલ ખુશ ખુશાલ થઈને કહે છે : ખુદાના સમ ! આ દુનિયામાં એમનાથી વધીને વાયદા પાલન કરનાર બીજું કોઈ ન હોય શકે. મુહમ્મદ બાળપણથી જ એમના વાયદાનું પાલન કરતા આવ્યા છે. આટલી બધી માફી અને મહેરબાની છતાં સુહૈલ હજુ મુસલમાન નથી થતો, બલકે મક્કામાં જ સામાન્ય માણસની જેમ શાંતિ સલામતીથી ફરતો રહે છે. પછી છેક છેલ્લે રસૂલે ખુદા પાછા વળ્યા, ત્યારે જિઈર્રાનહ મુકામે જઈને ઈસ્લામ સ્વીકારે છે. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને ૧૦૦ ઊંટોનો તોહફો આપીને નવાઝે છે.

આ સુહૈલ ગજબના શાયર અને ભાષણબાજ હતા. મુસલમાનો વિરુદ્ધ ઝેર ઓકવાનો ભારે શોખ હતા. જયારે બદરની લડાઈમાં દુશ્મનો તરફે હતા અને મુસલમાનોના હાથે કેદ પકડાયા તો હઝરત ઉમર રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ રજૂઆત કરી કે એના આગલા દાંત તોડી નાખવામાં આવે, જેથી તે રસૂલે ખુદા અને મુસલમાનો વિરુદ્ધ ભાષણો કરીને કે શાયરી લલકારીને લોકોને ઉશ્કેરી ન શકે. પરંતુ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ઉમર રદિ.ની રજૂઆત ઠુકરાવી દીધી અને ફરમાવ્યું :

માનવીઓના ચહેરા વિકૃત કરવું આપણું કામ નથી.

---

# નબવી તરબિયતનો એક વિશેષ તરીકો

## *દેખરેખ, નિગરાની અને ટીકા – ટકોર*

મુરબ્બી અને કેળવણીકારની જવાબદારી છે કે, તાબા હેઠળના માણસો, વિદ્યાર્થીઓ અને તાલિબે ઈલ્મ એમને આપવામાં આવેલ શિખામણ મુજબ અમલ કરે છે કે નહીં, એનો ખ્યાલ રાખે. કોઈ આદેશ અને નસીહત વિશે એમની પ્રતિક્રિયા પ્રત્યે ધ્યાન આપે અને એ બાબતે જરૂરી જણાય તો યોગ્ય રીતે ટકોર કરે અથવા માર્ગદર્શન આપે. મુરબ્બી, વડીલ અને અમીરની જવાબદારી ફકત એટલી જ નથી કે, કોઈ આદેશ આપીને ચુપ બેસી રહે કે આંખો બંધ કરી લે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ બાબતે પણ સજાગ હતા. ઘણીવાર તો સહાબાના ચહેરા જોઈને જ સમજી જતા હતા અને પછી જરૂરી નસીહત ફરમાવતા હતા.

.હઝરત ઉકબહ બિન આમિર રદિ. ફરમાવે કે, હું સફરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સવારીની લગામ પકડીને આગળ આગળ ચાલતો હતો એ દરમિયાન મને સંબોધીને ફરમાવ્યું : હે ઉકબહ ! હું તમને પઢવા માટે સૌથી બેહતરીન બે સૂરતો શીખવાડું ? પછી મને સૂરએ ફલક અને સૂરએ નાસ ( قُلْ أَعُوْذُ بِرَبِّكَ الفَلَق અને قُلْ أَعُوْذُ بِرَبِّ النَّاسِ ) શીખવાડી. આ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અનુભવ્યું કે હું એનાથી કંઈ વધારે ખુશ નથી થયો. પછી બીજી સવારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પડાવ કર્યો અને ફરજની નમાઝમાં આ જ બે સૂરતો પઢી. અને નમાઝ પછી મારા તરફ જોઈને ફરમાવ્યું : હે ઉકબહ ! તમને હવે કેવું લાગ્યું ?

ફજરની નમાઝમાં સામાન્ય પણે લાંબી સૂરતો પઢવામાં આવે છે, એટલે ફજરમાં આ બે નાની સૂરતો પઢવામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો મકસદ આ હતો કે આ બન્ને સૂરતો નાની હોવા છતાં બે લાંબી અને મોટી સૂરતો જેટલી જ ફઝીલત ધરાવે છે. આમ

હઝરત ઉકબહ રદિ.ના હાવભાવ સમજીને પછી એમને ખુશ કરવા ખાતર અમલી રીતે સૂરતોની ફઝીલત સમજાવી અને એમને ટકોર પણ ફરમાવી.

.મુસ્લિમ શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ની હદીસ છે : એક માણસે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં શરાબ ભરેલી મશક ભેટ આપી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પૂછયું : ભાઈ તને ખબર પણ છે કે અલ્લાહ તઆલાએ શરાબ હરામ કરી દીધી છે. એણે કહયું કે, ના મને આ બાબતની ખબર નથી.

પછી એણે ધીરે રહીને બાજુવાળાના કાનમાં કોઈ વાત કહી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ જોયું તો એને પૂછયું : તમે એના કાનમાં શું કહયું ? એણે બતાવ્યું કે, મેં એને આ શરાબ કોઈ (ગેરમુસ્લિમ)ને વેચી દેવાનું કહયું છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તુરંત ફરમાવ્યું : જે અલ્લાહે શરાબ પીવાને હરામ ઠેરવી છે એણે જ શરાબ વેચવાને પણ હરામ કર્યું છે. આ સાંભળીને એણે તુંરત મશક ઊંધી વાળી દીધી અને બધી શરાબ વહાવી દીધી.

આ કિસ્સામાં બે વાતોની નોંધ લેવા જેવી છે. સહુપ્રથમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે શરાબ લાવનાર માણસને પૂછયું કે, તને ખબર છે કે શરાબ હરામ થઈ ગઈ છે ? કારણ કે જો ખબર હોવા છતાં આ માણસ શરાબ લઈને આવ્યો હોય તો પછી આમ કરવા ઉપર એની પૂછપરછ કરવામાં આવે. અને ખબર ન હોય તો પછી એને આ નવા હુકમની જાણકારી આપવામાં આવે. બીજી વાત આ કે શરાબ હરામ હોવાનો હુકમ બતાવ્યા પછી તુરંત એ માણસે બીજાના કાનમાં કંઈક કહયું, એટલે હવે એને પૂછવું જરૂરી હતું કે આ હુકમ વિશે જ એણે કોઈ વાત કરી હશે અને એ શી વાત છે ? એ જાણીને એને સાચું માર્ગદર્શન આપવામાં આવે.

.હઝરત અબૂહુરયરહ રદિ. રિવાયત ફરમાવે છે કે, એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મસ્જિદમાં બિરાજમાન હતા. એક માણસ

મસ્જિદમાં આવ્યા અને નમાઝ પઢીને મજલિસમાં શરીક થવા સલામ કરીને બેસવા લાગ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સલામનો જવાબ આપીને ફરમાવ્યું : પાછા જાઓ અને ફરી નમાઝ પઢો. આ કંઈ તમે નમાઝ નથી પઢી. એ ભાઈએ ફરી નમાઝ પઢી અને ફરીવાર સલામ કરીને મજલિસમાં બેસવા લાગ્યા. પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરી નમાઝ પઢવાનો આદેશ ફરમાવ્યું. આમ ત્રણવાર થયું. આખરે એ સહાબીએ અરજ કરી : યા રસૂલલ્લાહ ! મને વધારે સારી રીતે નમાઝ પઢતાં નથી આવડતું. આપ મને બતાવો : હું કેવી રીતે નમાઝ પઢું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને નમાઝની રીત શીખવાડી અને એમની નમાઝમાં જે મુખ્ય ખામી રહેતી હતી એનો વિશેષ ઉલ્લેખ કરીને ફરમાવ્યું કે, રુકૂઅમાં જાઓ તો સારી રીતે રુકૂઅ કરો અને પીઠ લાંબી સીધી રાખો. ઉભા થાઓ તો બરાબર ઉભા થાઓ અને પછી સજદહમાં જાઓ. સજદહ કરો તો બરાબર કરો. સજદહમાં ઉઠીને બરાબર બેસો અને પછી બીજો સજદહ કરો.

આ કિસ્સામાં આપણે જોઈ શકીએ છીએ કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મસ્જિદમાં આવનાર માણસની નમાઝ પ્રત્યે ધ્યાન આપ્યું. એમાં ખામી જણાયી તો ફરીવાર નમાઝ પઢવાનું કહયું અને એ માણસને મોકો આપ્યો કે એ પોતે જ પોતાની ખામીને સમજી જાય, અને જયારે તેઓને પોતાની ભૂલ સમજાયી નહીં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને નમાઝની રીત શીખવાડી અને એમની નમાઝમાં જે ખામી હતી એનો વિશેષ ઉલ્લેખ કર્યો.

ઈયાસ બિન અબ્દુલ્લાહ રદિ. રિવાયત કરે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોને તાકીદ કરી કે અલ્લાહની બંદીઓ એટલે કે ઓરતો – બીવીઓને મારો નહીં. આ આદેશ પછી સહાબા રદિ. આ બાબતે ઘણા જ સાવચેત થઈ ગયા. પરિણામે અમુક ઓરતો એમની મર્યાદાથી બહાર નીકળી ગઈ. હઝરત ઉમર રદિ.એ અરજ કરી કે ઓરતો નાફરમાની કરવા માંડી છે માટે એમને સજા કરવાની પરવાનગી

આપવામાં આવી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફથી એની છૂટ આપવામાં આવી તો ઘણી બધી ઓરતોએ આવીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એમના શોહરો તરફથી વધારે માર મારવાની શિકાયત ફરમાવી.

આ સ્થિતિ જોઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બીજા દિવસે લોકોને ભેગા કરીને નસીહત ફરમાવી અને ફરમાવ્યું : ગઈ રાત્રે ૭૦ ઓરતોએ અમારી પાસે આવીને એમના શોહરોની શિકાયત કરી છે. આવા શોહર સમાજના સારા અને સજ્જન લોકો નહીં ગણાય.

ઉપરોકત કિસ્સા દ્વારા સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના પહેલા અને પછીના બન્ને આદેશો બાદ જે સ્થિતિ સામે આવી એની નોંધ લીધી અને લોકોને એ માટે યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું.

.એક ઓરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવી અને કહેવા લાગી કે યા રસૂલલ્લાહ ! મેં ઝિનાનો ગુનો કર્યો છે, મારા પેટમાં ઝિનાનું બાળક છે. મારા ઉપર ઝિનાની સજા લાગુ કરીને મને ગુનાથી પાક ફરમાવી દયો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હુકમ આપ્યો કે બાળક પેદા થાય પછી આવજો. મજબૂત ઈમાન ધરાવનાર એ ઓરત બાળક પેદા થયા પછી આવ્યાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : બાળકનું દૂધ છુટી જાય અને ખાતું થઈ જાય ત્યારે આવજો. પછી જયારે બાળકનું દૂધ છુટી ગયું તો બાળક રોટીનો ટુકડો ખાતું હતું એવી સ્થિતિમાં લઈને આવી અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે ઝિનાની સજા આપવામાં આવે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશ મુજબ ઝિનાની સજામાં એને સંગસાર (પથ્થર વડે મારી નાખવાની) સજા કરવામાં આવી. આ સજા આપનાર લોકોમાં હઝરત ખાલિદ બિન વલીદ રદિ. પણ હતા. પથ્થર મારતી વેળા લોહીનું એક ટીપું ઉડીને એમના ચહેરા ઉપર પડયું તેઓ એ ઓરત વિશે બુરું બોલવા લાગ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ સાંભળ્યું

તો ફરમાવ્યું : ખાલિદ ! ચુપ રહો. આ ઓરતે એવી મજબૂત અને સાચી તોબા કરી છે કે મદીના શરીફના સિત્તેર માણસો ઉપર વહેંચવામાં આવે તો પણ વધી પડે. પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ ઓરતની જનાઝહની નમાઝ પણ પઢાવી. બીજી એક હદીસમાં છે કે હઝરત ઉમર રદિ.એ કહયું કે, હે અલ્લાહના રસૂલ ! તમે આ ગુનેગાર ઓરતની જનાઝહની નમાઝ કેમ પઢી ? તો એના જવાબમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, આ ઓરતે એવી મજબૂત અને સાચી તોબા કરી છે કે મદીના શરીફના સિત્તર માણસો ઉપર વહેંચવામાં આવે તો પણ વધી પડે.

ઉપરોકત કિસ્સામાં આપણે જોઈ શકીએ છે કે, ઝિનાકાર ઓરતને સજા આપવાના આદેશ પછી લોકો ઓરત વિશે શું વિચારે છે એ બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ભાળ રાખી અને હઝરત ખાલિદ રદિ.ના મુખે ખોટી વાત સાંભળી તો તુરંત એમને ટકોર ફરમાવી અને સજા મળ્યા પછી પણ લોકો એ ઓરતને ગુનેગાર ન સમજે એ માટે પોતે એ ઓરતની જનાઝહની નમાઝ પઢાવીને એની તોબા કબૂલ હોવાનું લોકો સમક્ષ સ્પષ્ટ ફરમાવ્યું.

આજકાલ ખાનદાનના વડીલો, સમાજના આગેવાનો, શિક્ષકો, ઉસ્તાદો, વાએઝો, ઈમામો અને અમીરો લોકોને સારી વાતોની શિખામણ અને નસીહત આપે છે, પણ પછી જયારે એના વિરુદ્ધ કામ થતું જુએ છે તો એના ઉપર ટકોર નથી કરતા, બલકે ઘણીવાર તો લોકોને જેની આપણે શિખામણ – તાલીમ આપીએ છીએ, એના વિરુદ્ધ કામ આપણા ઘરમાં જ આપણા જ કુટુંબીઓ દ્વારા આચરવામાં આવે છે પણ આપણે બનાવટી વડવાઈ સાચવવા અથવા લાપરવાહી વર્તીને એના ઉપર ચુપ રહીએ છીએ. બુરાઈ થતી જોઈએ ચુપ રહેવું અથવા એને સાંખી લેવી કોઈ પણ મુરબ્બી અને વડીલને શોભા નથી દેતું.

---

# સમય અને સંજોગોનો ઓળખો

માસણની આસપાસ સદાએ સંજોગો અને પરિસ્થિતિઓનું એક વર્તૂળ દોરાયેલું હોય છે. આ સંજોગો માણસ પોતે નથી બનાવતો, બલકે બાહય પરિબળોથી સંજોગો બને છે અને બદલાય છે. આ સંજોગો ઘણીવાર એટલા શકિતશાળી કે મજબૂત હોય છે કે માણસ પોતે એને બદલી પણ નથી શકતો. આવી સ્થિતિમાં માણસ ટકરાવની રાહ અપનાવે તો એ પોતે તૂટી જશે પણ સંજોગો અને હાલાત એવા જ રહેશે. એમાં કોઈ પરિવર્તન નહીં આવે. આ હાલાતમાં માણસ માટે જરૂરી છે કે પોતાની આસપાસની જાણકારી રાખે. બીજાઓને ઓળખે અને પોતાની ઈચ્છાઓ – ઈરાદાઓ ઉપરાંત બાહય સંજોગો વિશે પણ સજાગ રહે. આ બધું સામે રાખીને માણસ પોતાના મન્સૂબો બનાવે તો સફળતાની શકયતા વધારે રહે છે.

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : અકલમંદ માણસ પોતાના આસપાસના હાલાતની જાણકારી રાખતો હોય છે. આ હદીસમાં પણ હાલાતની જાણકારીનો મતલબ બાહય બાબતોથી વાકેફ હોવું જ છે. સામાન્ય પણે માણસ પોતાના વર્તૂળમાં જીવતો હોય છે, આસપાસની જાણકારી ઓછી હોય છે, આવા માણસના મન્સૂબા સંજોગો સાથે ટકરાયને તૂટી જાય છે. માટે દીની હોય કે દુન્યવી, દરેક પ્રકારના કામો કરતાં પહેલાં સમય, સંજોગ અને પરિસ્થિતિઓનું આંકલન કરવું જરૂરી છે.

# ગઈકાલ અને આજ

પહેલાં કોઈની એબ અને ખામી છુપાવવાને દીનદારી સમજવામાં આવતી હતી અને હવે લોકોની ભૂલો અને ગુનાઓ ઉછાળવા માટે કાયદાનો સહારો લેવામાં આવે છે. પહેલાં દીનના કામને દુનિયાના કામોથી આગળ રાખવામાં આવતા હતા અને હવે દુનિયાના કામોને દીની જવાબદારીઓ વધારે મહત્વના સમજવામાં આવે છે. પહેલાં આબરૂ અને ઈઝઝત માટે જાન માલની કુરબાની આપવામાં આવતી હતી, હવે માલ દોલત માટે આબરૂ અને ઈઝઝતના ધજાગરા ઉડાડવામાં આવે છે. પહેલાં ભલાઈ કરીને પણ કોઈ એહસાન જતાવતું ન હતું અને આજે એહસાન – ભલાઈ તો કોઈ કરતું જ નથી, છતાં ઉપકારનો બોજ જરૂર માથે નાખવામાં આવે છે. પહેલાં બાદશાહો અને અમીરોની જરૂરત હતી કે તેઓ અકલમંદ અને કાબેલ લોકોની કદર કરે એટલે એમને શોધતા ફરતા હતા, આજે અકલમંદ અને કાબેલ લોકો માલની લાલચે અમીરોને શોધતા ફરે છે. પહેલાં કયાંક લડાઈ થતી તો દુશ્મની અને અદાવત ખતર કરાવીને સુલેહના પ્રયત્નો કરવામાં આવતા હતા. હવે તો સારા સંબંધો તોડીને વેર – ઝેર ઉભું કરવાની કોશિશો કરવામાં આવે છે. પહેલાં અલ્લાહનું નામ ફકત અલ્લાહ ખાતર જ લેવામાં આવતું હતું, આજે ફકત લોકોને દેખાડવા માટે અને માલ મેળવવા માટે. પહેલાંના માલદારો કાબેલ લોકોને શોધીને એમની સાથે મજલિસ કરતા હતા, આજના માલદારો ખુશામતખોરો અને કોમિડીયન લોકોને પોતાની આસપાસ ભેગા રાખે છે. પહેલાં ઘરો નાના અને દિલ મોટા હતાં, આજે મોટા બંગલા વાળાઓના દિલ પણ નાના થઈ ગયાં છે. પહેલાં નાના બાળકો અને યુવાનો મોટા વડીલોથી ડરતા હતા. આજે વડીલો અને વૃદ્ધો યુવાનોથી ડરે છે. પહેલાં માણસને કીમતી સમજવામાં આવતો હતો, આજે માણસ સિવાય બધું જ કીમતી બની ગયું છે. પહેલાં સવલતો અને સુવિધાઓ ઓછી હતી અને જીંદગી શાંતિપૂર્ણ હતી, આજે સવલતો વધી ગઈ છે પણ જિંદગીનું ચેન કયાંયે નથી. પહેલાં બાળક – વિદ્યાર્થી ઉસ્તાની માર અને ધમકીથી ડરતો હતો, આજે ઉસ્તાદ વિદ્યાર્થીને મારવા કે ધમકાવવાથી બીવે છે.

## બીજી વાર આવું કર્યું તો

# .... જોવા જેવી થશે ...

મક્કા શરીફ પરાપૂર્વથી વેપારી કેન્દ્ર હતું. દૂર સુદૂરથી લોકો એમનો માલ લઈને અહિંયા વેચવા આવતા હતા. એકવાર યમનના ઝબીદ શહેરનો વેપારી ત્રણ સુંદર ઊંટો લઈને મક્કાના બજારમાં વેચવા આવ્યો. સુંદર સોહામણા ઊંટો જોઈને લોકો મોલ ભાવ કરવા લાગ્યા. ઊંટોની જાત, નસલ અને સુંદરતાના કારણે વેપારી એનો ભાવ પણ ઊંચો બોલતો હતો. એટલામાં મક્કાનો બની બેઠેલો ચોધરી અબૂજહલ ત્યાં આવી પહોંચે છે. પહેલી નજરે જ ઊંટો એને ગમી ગયાં. ભાવ પૂછયો તો લાંબી મજલ કાપી, મોંઘેરો માલ લઈને આવેલા વેપારીએ ઈચ્છા પ્રમાણેનો ભાવ બતાવ્યો.

હોંટ દબાવીને અબૂજહલ ખંધુ હસ્યો અને બોલ્યો કે, આ તો વધારે ભાવ છે. આ ભાવના એક તૃતીયાંશ ભાવે વેચવા હોય તો બોલો ! મોં માગ્યા દામ મળવાની આશાએ આવેલ વેપારીને આટલો ઓછો ભાવ બિલ્કુલ પોસાય એમ ન હતું. એણે ના પાડી દીધી.

બિચારા અજનબી વેપારીની સમસ્યા હવે શરૂ થાય છે. આખા બજારમાં આ વાત ફેલાય ગઈ કે અબૂજહલે આ ઝબીદી વેપારીના ઊંટો આટલા ભાવે માંગ્યા છે.

બસ ! હવે કોઈની હિમ્મત ન હતી કે એનાથી વધારે ભાવ બોલે. એનાથી વધારે ભાવ આપવાનો મતલબ હતો એની સામે પડવું. અને આ કોઈ સામાન્ય માણસના ગજાની વાત ન હતી. હવે કોઈ ઊંટને જોવા કે ખરીદવા પણ આવતું ન હતું. ઝબીદી વેપારી મક્કાના નેતાઓ અને મોટા વેપારીઓ પાસે ગયો અને એમને પોતાની આપદા સંભળાવી, પણ અબૂજહલની બીકે કોઈ બોલવા તૈયાર ન હતું. છેવટે બિચારો પરેશાન થઈને કાબા શરીફમાં દુઆ કરવા આવ્યો. ત્યાં એણે જોયું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ, હઝરત અબૂબક્ર રદિ. હઝરત ઉમર રદિ. અને હઝરત સઅદ બિન વક્કાસ રદિ. બેસેલા છે. એટલે એમની પાસે આવીને પણ દુહાઈ આપી કે, હે મક્કાના

સજ્જનો ! જો તમે આવું જ કરશો તો કયો વેપારી તમારી પાસે માલ લઈને આવશે ? આટલા પવિત્ર સ્થળે આવા કરતૂત ? તમે તો વેપારીઓ ઉપર જુલમ કરો છો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પાસે બોલાવ્યો અને પૂછયું કે, ભાઈ શું થયું છે ? કોણ તારા ઉપર જુલમ કરે છે ? ઝબીદી વેપારીએ સઘળી બીના કહી સંભળાવી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પૂછયું કે, તારા ઊંટ કયાં છે ? એણે કહયું કે હજુ ત્યાં જ (હઝૂરહ નામી સ્થળે) છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના સાથીઓને લઈને એની સાથે થઈ ગયા. ઊંટો પાસે પહોંચ્યા તો જોયું કે સાચે જ માલ ઘણો સુંદર અને મોંઘો છે. ઝબીદી વેપારીને ભાવ પૂછયો અને એણે જે દામ બોલ્યો એ આપી દીધો. મોં માગ્યો ભાવ મળ્યો એટલે ઝબીદી વેપારી ખુશ થઈ ગયો.

થોડીવાર પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ત્યાં જ એ ઊંટોને વેચવાનું શરૂ કરી દીધું અને થોડી વારમાં તો બે ઊંટો વેચાય ગયા અને જે કીમત ત્રણ ઊંટોની આપી હતી એ બે ઊંટોમાં જ વસૂલ થઈ ગઈ. પછી ત્રીજું ઊંટ પણ વેચાય ગયું. અને આ સઘળો નફો અબ્દુલ મુત્તલિબના ખાનદાનની બેવા સ્ત્રીઓમાં વહેંચી દીધો.

અબૂજહલ પણ ત્યાં એક તરફ ચુપચાપ બેસીને બધું જોઈ રહયો હતો. એ જાણતો હતો કે મુહમ્મદ સિવાય કોઈની હિમ્મત નથી કે મારી સામે પડે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છેલ્લે એની પાસે ગયા અને ચેતવણી આપી કે, હે અમ્ર ! જે કંઈ આ અજનબી સાથે કર્યું છે, એવું ફરીવાર કરતો નહીં. નહીંતર હું જે કંઈ કરીશ એ તારા માટે સારું નહીં હોય.

બિચારો અબૂજહલ ! એવો હેબતાય ગયો હતો કે હમણા જ મુસલમાન બની જશે. એનાથી ફકત એટલું જ બોલાયું કે, હે મુહમ્મદ ! ફરીવાર આવું નહીં કરું.

આ કિસ્સામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અખ્લાકનું એક પાસું ઝબીદી વેપારીની મદદ કરવાનું છે. બીજું પાસું કુરેશની આબરું અને શાન જાળવવાનું છે, અને ત્રીજું પાસું અબૂજહલને ધમકી આપવાનું પણ છે. આ ધમકી દ્વારા બીજા અનેક લોકોને અબૂજહલના જુલમથી બચાવવાની મુબારક કોશિશ સમાયેલી છે. ● ● ● ●

# મુતવલ્લી કોણ બની શકે ?

મુતવલ્લી તે શખ્સ બની શકે છે જે કામ કે સંચાલનનો તે મૂતવલ્લી થાય તેનો વહીવટ, વ્યવહાર દેખરેખ પોતે કે પોતાના પાવરદાર દ્વારા બરાબર કરવાની તાકત, લિયાકત ધરાવતો હોય, વળી તે અમીન હોય, એટલે અમાનતદાર (પ્રમાણિક) હોય, અમાનતદારનો અર્થ એ છે કે વકફની આવક બરાબર જાળવે. *(ફ.સંગ્રહ ૪/૩૮૮)*

(૨) અગર મસ્જિદનું નુકશાન થઈ રહયું હોય, વહીવટમાં ખોટો ખર્ચ થતો હોય, વ્યવસ્થામાં અંધેર ચાલતો હોય, હિસાબ–કિતાબમાં ગોટાળા અને ખયાનત થતી હોય, મસ્જિદની સફાઈ થતી ન હોય અથવા એ સમૂહે ઈમામ કે બાંગી એવો મુકર્રર કર્યો હોય જે પોતાની ફરજો બરાબર અદા કરતા ન હોય, અને તેમની તરફથી આંખ મિચામણાં થતા હોય તો પછી નમાઝીઓમાંથી બીજાઓને પણ હક છે કે તેઓ પહેલાં એમાં દિલચસ્પી લે અને નુકશાન–ઉણપ કે અનિયમિતતાઓની સમજ આપીને સ્થિતી સુધારવાની કોશિશ કરે અને તોય મામલો થાળે પડે કે સીધો થાય નહીં તો પછી તેને સૂધારવાની દરેક કાનૂની કાર્યવાહી કરે.(ફ.સંગ્રહ ૪/૩૯૮)

(૩)ખોટો કે અપ્રમાણિક વહીવટ થતો હોય, અથવા દેખરેખ બરાબર થતી ન હોય યા તેમાં ભારે ગફલત થતી હોય અને હિસાબ રીતસર રખાતો કે અપાતો ન હોય, તેમાં ગેરનિતિઓ થતી હોય વગેરે, તો જમાઅતે પુછપરછ કરવી જોઈએ. એમ કરવાનો તેને હક છે, તેનો સીધો જવાબ નહીં મળે તો વકફની આવક વ્યવસ્થિત કરવાના તથા તેના નાણાની હિફાઝત કરવાના ખ્યાલથી કાનૂનનો આસરો યોગ્ય જ નહીં બલ્કે અનિવાર્ય અને જરૂરી છે. (ફ. સંગ્રહ ૪/૩૯૨)

(૪) હઝ. મવ. મુફતી મહમૂદ ગંગોહી (રહ.) મુતવલ્લીની ફરજો બાબત લખે છે. મસ્જિદ કી આબાદી ઓર તમામ જરૂરીયાત કા ઈન્તેઝામ કરના હિસાબ સાફ રખના, મસ્જિદમેં ગલત કામ ન હોને દેના, નમાઝીઓ ઓર ઈમામ કી હસબે હયસિયત મસ્જિદ સે મુતઅલ્લિક તકાલીફ કો રફઅ કરના, હર એક કા ઉસકી શાન કે મુવાફિક શરઈ ઈકરામ કરના, અપને આપકો બડા સમજ કર દૂસરોં કો હકીર ન સમજના, ઓહદહ કા તાલિબ ન હોના, અહકામે શરઅ કે તહત અપની ઈસ્લાહમેં લગે રેહના, યહ અવસાફ જિસ મુતવલ્લીમેં હો વહ કાબિલે કદ્ર હય. ઉસકો અલાહિદહ ન કિયા જાએ. જિસ મુતવલ્લીમેં યહ અવસાફ ન હો વહ ઈન અવસાફકો હાસિલ કરનેકી સઈ કરે. (ફ. મહમૂદિય્યહ ૧૪/૩૫૨)

(૫) વકફકે મુવાફિક ઓર અહકામે શરઅ કે મુતાબિક કામ મુતવલ્લી કર સકતા હે, જો ઉસકે ખિલાફ હે ઉસ પર એ'અતિરાઝ કા હક હય. (ફ.મહમૂદિય્યહ:૧૪/૩૪૩)

જામિઅહ ઉલૂમુલ કુરઆન જંબુસરમાં

# ઇદારહ મબાહિસે ફિકહીય્યહ (જમીઅતે ઉલમાએ હિંદ)નો ત્રિદિવસીય ફિકહી ઇજતેમા

## દેશભરના ૨૦૦થી વધારે વિદ્વાન મુફતીઓની હાજરી અને અનેક મહત્વના પ્રશ્નો બાબતે શરઈ હુકમના ફેસલાઓ

દેશની પ્રતિષ્ઠિત સંસ્થા જમીઅતે ઉલમાએ હિંદના નેજા હેઠળ કામ કરતી એક વિશેષ સંસ્થા 'ઈદારહ મબાહિષે ફિકહીય્યહ' છે. આ સંસ્થા આધુનિક વિશ્વમાં ઉદભવતા વિવિધ નવા વિષયો વિશે શરઈ અને ફિકહી માર્ગદર્શન આપવાનું કામ કરે છે. નવા ઉદભવતા વિષયો અને પ્રશ્નોની છણાવટ કરીને એને દેશભરના મુફતીઓ – વિદ્વાનો પાસે મોકલીને એ વિશે શરીઅત આધારિત ઈસ્લામી હુકમ શોધવાનો પ્રયત્ન કરે છે. જે મુફતીઓ પાસે આ પ્રશ્નપત્ર પહોંચે છે તેઓ ગહન અભ્યાસ કરીને કુરઆન, હદીસ અને ફિકહના આધારે જે તે મસ્અલા બાબતે જાઈઝ, નાજાઈઝ, હરામ, હરામ હોવા વિશે પોતાનું મંતવ્ય દલીલબદ્ધ રીતે પોતાના લેખોમાં રજૂ કરે છે. પછી વરસ દરિમયાન ત્રણ દિવસ આ બધા મુફતીઓ – વિદ્વાનોને કોઈ એક મુકામે ભેગા કરીને એ વિષયે ચર્ચા કરવામાં આવે છે અને છેલ્લે કુરઆન, હદીસ, ફિકહ, ફતાવાના વિદ્વાન અને અનુભવી, કાબેલ બુઝુર્ગોની રાહબરી હેઠળ હલાલ, હરામ હોવા વિશે કોઈ શરઈ નિર્ણય લેવામાં આવે છે. આ અનુસંધાને ૨૧, ૨૨, ૨૩, ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસોમાં આ વરસનો ત્રણ દિવસીય ઈજતેમા (સેમીનાર– ચર્ચાગોષ્ઠિ)નું આયોજન જામિઅહ જંબુસરમાં કરવામાં આવ્યું હતું. દેશભરના લગભગ ૨૦૦ મુફતીઓ અને વિદ્વાનો ત્રણ દિવસ માટે જામિઅહમાં પધાર્યા હતા અને કાર્યક્રમ મુજબ વિવિધ મજલિસો – સેશનમાં ભાગ લીધો હતો.

આ વરસે આ સંસ્થા તરફથી નવા ઉભદવેલા જે પ્રશ્નો અને વિષયો નક્કી કરવામાં આવ્યા હતા એનો ટુંકો પરિચય અને સમજૂતી અત્રે આપવામાં આવે છે. આ પ્રશ્નોના જે હુકમો અને ફેસલા નક્કી કરવામાં આવ્યા એની વિગત હવે પછી આપીશું. ઈન્શાઅલ્લાહ.

(૧) બાળક મેળવવા માટે અપનાવવામાં આવતી ટેસ્ટ ટયૂબ પદ્ધતિની વિવિધ રીતો અને પેદા થનાર બાળકના માં – બાપ સંબંધિત તેમજ અન્ય હુકમો.

(૨) જેમ નિકાહ દ્વારા સાસરી પક્ષે સગાઈના સંબંધ બંધાય છે અને સાસુ – સસરા વગેરે સાથે નિકાહ હરામ ઠરે છે, એવી જ રીતે ઝીના કરવાના કારણે અને

શહવત સાથે અડવા, પકડવા કે બોસો દેવા જેવા બીજા અમુક હરામ કામોના કારણે પણ બન્ને ગુનેગારોના માં – બાપ અને અમુક સગાઓ એક બીજાઓ ઉપર હરામ ઠરે છે. આજકાલ ઘણીવાર એક જ ઘરમાં સસરા – વહુ કે જમાઈ – સાસુ વગેરે વચ્ચે અથવા બાપ – દીકરી વચ્ચે પણ જાણે કે અજાણે શહવત સાથે અડવા – પકડવા કે એનાથી આગળનું કંઈક થઈ જાય છે. આવી સ્થિતિમાં સંબંધો હરામ ઠેરવવામાં આવે તો અમુક સંજોગોમાં ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય છે. જેમ કે કોઈ નરાધમ બાપ એની દીકરી સાથે મોં કાળુ કરે કે શહવત સાથે બોસો આપે તો દીકરીની માં એટલે કે એની બીવી પણ એના ઉપર હરામ થઈ જાય છે. આવી સ્થિતિમાં બીવીએ કે બાળકોએ ઘણી તકલીફ ભોગવવાની આવે છે અને કુટુંબ પણ ભાંગી પડે છે. હનફી ફિકહ સિવાય શાફેઈ અને અન્ય ફિકહમાં હુકમ આ છે કે આમ કરવું બાપ માટે હરામ છે પણ એમ કરવાથી આ દીકરી એની પત્નિ નથી બની જતી અને દીકરીની માં એટલે કે પત્નિ પણ હરામ નહીં થાય. આજના સંજોગોમાં આવી કોઈ ઘટના ઘટે અને હનફી ફિકહ પ્રમાણે સંબંધો હરામ થવાનો હુકમ લગાવવામાં મોટી પરેશાની ઉભી થવાનો ખતરો હોય તો શું શાફેઈ ફિકહ પ્રમાણે હુકમ લગાવી શકાય અને વિવિધ સૂરતોમાં શું હુકમ હોય શકે છે ?

(૩) હનફી ફિકહનો નિયમ છે કે માણસ ઉપર જેટલું દેવું હોય એ બાદ કરીને જે બચે એ માલ જો 'નિસાબ' જેટલો હોય તો ઝકાત વાજિબ થાય છે, કોઈ માણસ પાસે ઘણો બધો માલ હોય પણ માથે એટલું બધું દેવું હોય કે એને બાદ કરતાં એની પાસે નિસાબ જેટલો માલ નથી વધતો, તો આવા માણસ ઉપર ઝકાત વાજિબ નથી થતી. આજકાલ મોટા બિઝનેસમેન લોકો કરોડો રૂપિયાનું લાંબા ગાળાનું કરજ લે છે, જે વરસો સુધી સરળ હપ્તેથી ચુકવવાનું હોય છે. આવા માલદારોના માથે આવા વેપારી દેવાઓ ગણવામાં આવે તો એટલા બધા હોય છે કે એના હાથમાં જમા હોય એ બધો માલ દેવામાં ખપી જાય. પણ આ દેવું સરળ હપ્તેથી ચુકવવાનું હોય છે એટલે એમના માથે કોઈ ફિકર નથી હોતી. આવા લોકો દેવાદાર હોવા છતાં માલદારીનું જીવન જીવે છે, એમના ઉપર ઝકાત વાજિબ થવા માટે દેવું બાદ કરવાનો નિયમ ઉપર મુજબ લાગુ કરવામાં આવે તો મોટા માલદાર હોવા છતાં એમના ઉપર ઝકાત વાજિબ નથી થતી. માટે એમના માલમાંથી ફકત એક વરસના હપ્તાની રકમ બાદ કરીને બીજા બધા માલ ઉપર ઝકાત વાજિબ થશે કે નહીં ?

(૪) કોઈ બીમાર કે ઝખ્મી માણસને તાત્કાલિક લોહીની જરૂરત પડે, અને મેચીંગ ગ્રુપનો ઉપલબ્ધ માણસ ખૂન દેવા તૈયાર છે, પણ તેને રોઝો છે અને ડોકટર

કંઈ ખાધા – પીધા વગર લોહી લેવાની ના પાડે છે, આવી સ્થિતિમાં આ માણસ લોહી આપવા ખાતર રોઝો તોડી દે તો એનો શું હુકમ હોય શકે છે ? શું એ માણસ ઉપર ફકત કઝા આવશે અથવા જાણી જોઈને રોઝો તોડવાના કફ્ફારામાં બે મહીનાના લગાતાર રોઝા પણ રાખવા પડશે ?

ઉપરોકત ચારેવ વિષયોને લગતા પ્રશ્નો લગભગ ૫ માસ પહેલાંથી દેશભરના ૨૦૦થી વધારે મુફતીઓ અને વિદ્વાનોને મોકલવામાં આવ્યા હતા. અને લગભગ દરેક વિષયે ૯૦ જેટલા વિદ્વાનોએ એમના જવાબો વિસ્તાર પૂર્વક ચર્ચા અને દલીલ સાથે લખ્યા હતા. આ બધા જવાબોનું સંકલન કરવામાં આવ્યું અને ત્રણ દિવસ માટે આપણા જામિઅહના આમંત્રણ ઉપર અત્રે બધા ઉલમા ભેગા થયા. દરેક વિષય ઉપર મળેલા જવાબોનું સંકલન અને સાર રજૂ કરવા અને વધુ ચર્ચા કરવા માટે ચાર અલગ અલગ મજલિસો કરવામાં આવી. દરેક મજલિસના અંતે એક ઠરાવ કમીટી નક્કી કરવામાં આવી, જેણે બધી ચર્ચા સામે રાખીને સર્વાનુમતે અથવા કોઈ મુફતી સાહેબનું મંતવ્ય જુદું હોય તો એની સ્પષ્ટતા સાથે શરઈ હુકમ લખવાનો હતો. પછી આ ચારેવ કમીટીઓના ઠરાવો વડીલ અને વિદ્વાન ઉલમાની કમીટી સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને અંતિમ ઠરાવ સ્વરૂપે શરઈ હુકમ લખવામાં આવ્યો. ઠરાવના આ લખાણ ઉપર ચર્ચા કરવા માટે એક છેલ્લી મજલિસ રાખવામાં આવી, જેમાં સેમીનારમાં શરીક થયેલા બધા જ ઉલમાએ ભાગ લીધો, અને પછી બધાની સહમતિ સાથે અથવા કોઈનો વિરોધ હોય તો એની નોંધ સાથે શરઈ હુકમ નક્કી કરીને એને ફેસલા સ્વરૂપે બહાર પાડવામાં આવ્યો.

વિવિધ મજલિસોના પ્રમુખ પદે અને ઠરાવ કમીટીની રહબરી કરનાર અમુક બુઝુર્ગો નીચે મુજબ છે. હઝરત મવલાના સય્યિદ મુહમ્મદ ઉસ્માન મન્સૂરપૂરી સાહેબ દા.બ. (પ્રમુખ જ. ઉલમાએ હિંદ) હઝ. મવ. સય્યિદ મહમૂદ મદની સાહેબ દા.બ. (જ.સેક્રે. જ. ઉલમાએ હિંદ) હઝ. મવ. મુફતી અબુલકાસિમ સાહેબ દા.બ. (મોહતમિમ દા.ઉ. દેવબંદ) હઝ. મવ. મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ. (શૈખુલ હદીસ જામિઅહ ડાભેલ) હઝ. મવ. મુફતી બુરહાનુદ્દીન સંભલી સાહેબ દા.બ. (નદવતુલ ઉલમા લખનઉ) હઝ. મવ. મુફતી અહમદ દેવલ્વી સાહેબ દા.બ. (જામિઅહ જંબુસર) હઝ. મુફતી હબીબુર્રહમાન ખૈરાબાદી (દા. ઉ. દેવબંદ), હઝરત મવલાના રહમતુલ્લાહ કાશ્મીરી દા.બ. હઝ. મવ. મુફતી ઉબૈદુલ્લાહ અસ્અદી સા. દા.બ. (લખનઉ) હઝ. મવ. અતીક અહમદ કાસમી સા. દા.બ. (લખનઉ) હઝરત મવલાના મુફતી સલમાન મન્સૂરપૂરી દા.બ. હઝ. મવ. મુફતી મહમૂદ બારડોલી સા. હઝ.મવ. મુફતી શબ્બીર મુરાદાબાદી, હઝ. મવ. મુફતી અફ્ફાન મન્સૂરપૂરી, હઝ. મવ. મુઈઝઝુદ્દીન સા. દા.બ. વગેરે... • ● •

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ.મુફતી અહમદ દેવલા સાહેબ
સદર મુફતી જામિઅહ જંબુસર

## તલાકના અલ્ફાઝે કિનાયહનો હુકમ

સવાલ : ઝૈદને એક મસ્અલો પેશ આવ્યો છે, તેની ઝિંદગીમાં મિયાં – બીવીમાં અવાર – નવાર બનાવમાં અમુક શબ્દોનો ઉપયોગ થયો છે, એક વાર ઝૈદ ગુસ્સામાં બોલી ઉઠયા કે (આજ સે છુટ્ટી), એવી જ રીતે એકવાર ઘરના કામકાજમાં ના પાડતા ઝેદે ગુસ્સામાં આવીને કહયું કે (અબ તૂ અઝાદ હે) તુઝે જો કરના હે વો કર, ઘરની બાજુમાં બિસ્કિટની દુકાન છે એક વાર નમાઝ પઢી ઝેદ ઘરે આવ્યો તો પોતાના બીવીને બહાર બેઠેલી જોઈને ઝેદે બહાર બેસવાની ના પાડી અને કહયું કે (અબ સે બહાર દુકાનમેં બેઠી તો હમેશા કે લિયે છુટ્ટી હો જાએગી) મઝકૂર શબ્દોની હમણા જાણ થતા ઝેદે પોતાની પત્નિને વાત કરી કે આ શબ્દો બોલવાથી કયાંક (તલાક) ના પડી જાય તો સારુ, આમ ઝૈદ અને તેની બીવી મુંઝવણમાં મુકાઈ ગયા છે. એક વાર પીયરે ગઈ હતી તો તે વખતે પણ ફોન પર વાત કરી હતી કે (તેરા બનેવી છોડને આએગા તો રખૂંગા વરના નહીં રખૂંગા) પછી મસ્અલો સુલજી થગદ અને ઝેદ જાતે લેવા ગયો હતો એક બનાવમાં કહયું હતું કે (તુ ઝિદ કરતી હે, ઝિદ કરને કી વજહ સે તે છુટ્ટી હો જાએગી) મઝકૂર શબ્દો ઝેદે ઉચ્ચારેલ છે જેના કારણે ટેન્શનમાં આવી ગયો છે.

મઝકૂર મસ્અલામાં તલાક વાકેઅ થાય છે ? અગર ગઈ જાય છે તો કઈ તલાક વાકેઅ થાય છે. નિકાહની શું શકલ થઈ શકે છે ? રેહબરી ફરમાવશો.

જવાબ : حامدا ومصليا ومسلماً

પતિએ પત્નિ સામે ઉચ્ચારેલ જે શબ્દો સવાલમાં દર્શાવવામાં આવ્યા છે તે પૈકી બે શબ્દો (૧) આજસે છુટ્ટી (૨) અબ તુ અઝાદ હય, સિવાય અન્ય બોલવામાં આવેલ શબ્દો પતિ તરફથી પત્નિને ધમકી ગણાશે, અલબત્ત મઝકૂર બે શબ્દો તલાક માટે પણ વાપરવામાં આવતા હોય, "અલ્ફાઝે કિનાયહ" માંથી ગણાશે આવા શબ્દો વિશે શરઈ હુકમ એ છે કે જો એનાથી શવહરે તલાકની નિય્યત કરી હશે તો એક તલાકે બાઈન પડી જશે, પ્રથમથી નિય્યત કરી હશે તો પ્રથમ થી જ

માત્ર પડશે, બીજા શબ્દથી નિય્યત કરવા છતાં નહીં પડશે. કારણકે શરઈ દ્રષ્ટિએ તલાકે બાઈન સાથે બીજી તલાકે બાઈન પડી શકે નહીં અને જો પહેલા ઉચ્ચારેલ શબ્દથી નિય્યત ન હતી અને બીજાથી નિય્યત કરી હશે તો માત્ર બીજા નંબર પર વર્ણન કરેલ શબ્દથી તલાકે બાઈન પડશે, તલાકે બાઈન પડવાની સૂરતમાં પત્નિ નિકાહથી ખારિજ થઈ જશે, હવે ફરીથી તેને પત્નિ બનાવવી હોય તો નવેસરથી નિકાહ કરી (ઈદ્દતમાં યા તે પછી) પત્નિ બનાવી શકાય છે (કન્ઝુદ્ દકાઈકઃ ૧/ ૩૭૧–૪૦૦, ખયરૂલ ફ. :૫/ ૧૯૫, ફ.દારૂલ ઉલૂમ :૯ / ૪૧૮) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે (તા.૧૯ / ૬ / ૧૪૩૧ હિજરી)

## શરતી તલાક

સવાલઃ ખાદિલને સુસરાલવાલોંસે બાર બાર ઝઘડા હોનેકી વજહસે અપની બીવી કો કઈ લોગોંકે સામને યે કહા કે અબ અગર તૂ મેરી દેહલીજ છોડ કર તેરે વાલિદ કી દેહલીજ પર ચઢેગી તો છુટે છેડે હો જાએંગે ઔર મેરે ઘરકા દરવાઝા હમેશા કે લિયે બંદ હો જાએગા. યે કેહને કે બાદ સુલહ કે લિયે બેઠે થે ઉસ વકત મેરી બીવીકો દોનોં તરફકે રિશ્તેદારોંને સમઝાયા તો ઉસને કહા કે અબ મેં ઈસ ઘર મેં રેહના નહીં ચાહતી, મેં ભીખ માંગ કર ગુઝર–બસર કર લૂંગી લેકીન ઈસ દેહલીઝ પર કદમ નહીં રખૂંગી, ઈત્ના કહનેકે બાદ ઉસકે ઘરવાલે ઉસે લેકર ચલે ગયે, બીવીકો ગયે હૂયે આજ પૂરે તીન સાલ હો ચુકે હૈં મેરી ઈજાઝતકે બગૈર ઉસકે રિશ્તેદાર ઉસે લેકર ચલે ગયે, અબ સવાલ યે હે કે તલાક વાકેઅ હૂઈ યા નહીં ?

જવાબ: حامدًا ومصليًا وّ ومسلمًا

ઈસ્લામી શરીઅતમેં શર્તી તલાક કી ભી ઈજાઝત હૈ, ઐસી તલાક કા હુકમ યે હે કે જબ શર્ત પાઈ જાએગી તો જિસ તરહ કી તલાક કો શર્તકે સાથ જોડા હોગા, યહ તલાક વાકેઅ હોગી. સવાલમેં મઝકૂર સૂરતમેં તલાકે સરીહ બાઈન કો વાલિદૈન કી દેહલીઝ પર ચઢને કે સાથ જોડા હય, લિહાઝા જબ આપકી બીવી ચાહે ઉસકે ઘરવાલોં કે લે જાનેકી વજહ સે વાલિદૈન કી દેહલીજ પર ચઢી હો, ચઢતે હી તલાક કી શર્ત પાયે જાનેકી વજહ સે તલાક પડ ગઈ, ઔર યે તલાકે બાઈન (રિશ્તએ નિકાહકો ખત્મ કરનેવાલી) હોગી, અગર એક હી તલાક કો શર્ત કે સાથ જોડા હો તો એક પડેગી, ઐસી સૂરતમેં આપકા ફિરસે નિકાહમેં લાને ઔર બીવી બનાનેકા ઈરાદા હો તો નિકાહ કર લેના કાફી હય. (દૂર્ – શામી : ૨/ ૫૩૪ – ૫૪૪, ૪૬૭ ઉપરથી) ફકત વલ્લાહુ તઆલા અઅલમુ .

*(તા. ૪ / ઝુલ કઅદહ ૧૪૩૧ હિજરી – ૧૩ / ૧૦ / ૨૦૧૦ ઈસ્વી)*

## જામિઅહને સદમો – જામિઅહ હાઈસ્કૂલના વરિષ્ઠ શિક્ષક જનાબ મુહમ્મદ શુએબ મહુધલાવાળાની વફાત

પાછલા દિવસોમાં તા. ૮/૨/૨૦૧૮ના રોજ જામિઅહ સંચાલિત મોલાના મદની મેમો. હા.ના નિષ્ઠાવાન અને નેક શિક્ષક મોહતરમ જનાબ મુહમ્મદ શુએબ વલીભાઈ પટેલ મહુધલા ખાતે ટુંકી માંદગી બાદ વફાત પામીને અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ.

મરહૂમ મુહમ્મદ શુએબ શિક્ષક હોવા ઉપરાંત જામિઅહ હાઈસ્કૂલના વરિષ્ઠ કેળવણીકાર હતા. વિદ્યાર્થીઓની તાલીમમાં પાબંદ અને માહેર – કાબેલ હોવા ઉપરાંત સંસ્કાર અને વિવેક બાબતે પણ ઘણું જ ધ્યાન આપતા હતા.

સ્વભાવે મિલનસાર અને એકાંત પસંદ હતા. દીનદારી અને ઈબાદતની પાબંદીમાં પણ 'બેમિસાલ' હતા. રોજ જંબુસર પ્લાઝા ચોકડીએ ઉતરીને જામિઅહ સુધી નીચે નજરોએ આવતા અને કલાક – પોણો કલાક વહેલા આવીને જામિઅહની મસ્જિદમાં તિલાવતમાં મશ્ગૂલ રહેતા હતા. રિશેષના સમયે પણ મસ્જિદમાં આવીને વુઝૂ કરીને નમાઝ – તિલાવતમાં જ મશ્ગૂલ રહેતા હતા.

સ્કૂલના વિદ્યાર્થીઓ ઉપર શિસ્તની ધાક ધરાવવાની સાથે વિદ્યાર્થીઓ પ્રત્યે હેત – પ્રેમ પણ ધરાવતા હતા. એટલે જ વિદ્યાર્થીઓમાં પ્રિય, સ્વીકાર્ય અને સન્માનીય પણ હતા. જરૂરતમંદ વિદ્યાર્થીઓનો શિક્ષણ ખર્ચ પણ પોતે ઉઠાવતા હતા અને તે પણ ખામોશીથી. ઉપરાંત સ્ટાફના દોસ્તો મારફત અન્ય ગરીબ લોકો સુધી પણ મદદ પહોંચાડતા હતા.

અંગ્રેજી એમનો મુખ્ય વિષય હતો એટલે ઘણીવાર મદરસાની લગતા ઘણા બધા ડોકયુમેન્ટનો શોખથી ગુજરાતી અનુવાદ કરી આપતા હતા.

મરહૂમના જનાઝામાં સ્કૂલના સ્ટાફ ઉપરાંત જામિઅહના અસાતિઝહ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો શરીક થયા હતા. જનાઝહની નમાઝ જનાબ મવ. મુફતી અહમદ દેવલ્વી સાહેબે પઢાવી હતી.

અલ્લાહ તઆલા મરહૂમની નેકીઓ, સેવાઓ અને કુરબાનીઓ કબૂલ ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમના કુટુંબીજનોને સબ્રની તોફીક આપે અને મરહૂમની નેકીઓના સદકહમાં એકના એક યુવાન પુત્રની ગેબી મદદ – તરબિયત ફરમાવે.

---

## બોધકથા

પતિ – પત્નિ એકવાર હરવા ફરવાના ઈરાદે એક પ્રાણીસંગ્રહાલય – ઝૂ માં ગયાં. ફરતાં ફરતાં એક પીંજરા પાસે પહોંચ્યા તો જોયું કે એમાં એક વાંદરો અને વાંદરી ગેલ કરતાં હતાં. પત્નિ આ જોડાનું પ્યાર અને મુહબ્બતનું દશ્ય જોઈને પતિ સમક્ષ એનું વર્ણન કરવા લાગી.

ત્યાંથી આગળ વધ્યાં તો એક પીંજરામાં સિંહ અને સિંહણ એકબીજાથી મોંઢું ફેરવીને બેસેલા હતા. જાણે વરસોના અબોલા હોય. આ દશ્ય જોયું તો પત્નિથી રહેવાયું નહીં અને બન્ને વચ્ચે દેખાતા અબોલા ઉપર પતિ સમક્ષ અફસોસ વ્યકત કરવા લાગી.

પતિએ પત્નિને કહયું કે એક ખાલી ગ્લાસ પીંજરામાંથી સિંહણને વાગે એવી રીતે અંદર ફેંક અને પછી જો શું થાય છે ? જેવો એણે ગ્લાસ ફેંકયો, તુરંત સિંહે ત્રાડ પાડી અને સિંહણ આડે આવીને ઉભો રહી ગયો.

પતિએ પત્નિને આવી જ હરકત વાંદરા – વાંદરી પાસે જઈને કરવાનું કહયું. ત્યાં જઈને ગ્લાસ ફેંકયો તો વાંદરો તુરંત કુદીને દૂર ભાગી ગયો કે કયાંક એને ગ્લાસ વાગે નહીં.

પતિએ પત્નિને હવે સમજાવ્યું કે, ઘણી વાતો જે આપણે દેખાય છે એવી નથી હોતી. સંબંધોના મુળ દિલમાં હોય છે. બાહય હરકતો સંબંધોના પુરાવા નથી. ઘણા લોકો ઉપરથી સંબંધ જતાવે છે પણ અંદરખાને તેઓ આપણા હમદર્દ નથી હોતા. અને ઘણા લોકો આપણને દૂર – અળગા લાગતા હોય છે પણ એના દિલમાં આપણી હમદર્દી હોય છે.

માણસના જીવનમાં સંબંધોની આ ઓળખ ઘણી મહત્વની છે. ● ● ● ● ● ● ●

# Live Like a Mirror

Rasulullah (ﷺ) has said:

المسلم مرآة المسلم

A believer is a mirror for [another] believer.

(Abu Dawud)

When you stand in front of a mirror it shows your physical appearance. It reveals what is good about the way you look as well as any defects you may have. In this hadith, Rasulullah (ﷺ) instructs every believer to be like a mirror for other believers. A number of important points can be derived from this hadith:

If you witness another believer behaving incorrectly, you should inform him, for you are a mirror for him and a mirror points out the defects of the one who stands in front of it. However, a mirror reveals the faults very quietly, without bringing disgrace; you should do the same too.

A mirror does not only reveal physical defects but also physical beauty. Similarly, when advising a fellow believer, you should highlight his mistakes in the overall context of his good attributes, an approach that is more palatable to the one being advised and less likely to breed resentment. Take the example of someone who performs sajdah in a manner contrary to the Sunnah: inform him of his mistake after

commending him on the correctness of the rest of his salah.

Just as you are a mirror for other believers, every other believer is also a mirror for you. So every Muslim is simultaneously a mirror and a person standing in front of a mirror; an advisor and one who is advised.

If a mirror reveals a defect in your appearance, you may be upset but you will not feel resentment or anger towards the mirror. Similarly, when another Muslim adopts the role of a mirror and advises you of something you are doing wrong, you should not get offended. Why should we take offence when someone points out a shortcoming in us that, if left unattended would make us unsuccessful at the time of death, in the grave and on the Day of Qiyamah? Instead, we should be happy.

In fact, it is only those who have love and concern for us that will go to the trouble of informing us of our shortcomings.

The Shari'ah commands us to point out the mistakes of a fellow brother in a polite manner, tactfully, with wisdom and concern. However, even if someone were to point out a fault impolitely, we should still not take offence and still be happy that he helped save us from harm in the hereafter. If we were walking along a path

and about to fall into a hole and someone shouted in an impolite way for us to stop, we would thank him and be grateful and indebted to him for saving us, despite his manner.

Hadhrat Qari Siddiq Bandwi rahimahullah was a great scholar and a very pious saint. He treated me with a lot of love and affection and I had the privilege of accompanying him when he was here on his one and only visit to the UK, during the latter days of his life. In a talk in Walsall he said: “Assume you have two doors to your house, one at the front and one at the back, and you only ever use the front door. One day, your neighbour is in his garden when he notices a huge crack in the back wall of your house. He then knocks on your door and tells you about the structural damage to your house, and advises you to tend to it without delay. Will you feel happy he told you or unhappy? Will you feel indebted to him or not?” We all answered that we would be happy and indebted to him. Hadhrat continued: “If someone sees a structural problem in our spiritual and religious 'building', and says e.g. that ghibah is haram and will bring our spiritual structure down, why do we feel offended?”

---

### બદલાવ

લોકો કહે છે કે સમય બદલાય છે, અને સમય બદલાય છે ત્યારે ખબર પડે છે કે લોકો પણ બદલાય જાય છે.

### નદામત

ઈબાદત સાથે નદામત પણ જરૂરી છે. કારણ કે ઈબાદત કરતાં નદામત જલદી કુબૂલ થઈ જાય છે.

### દિલના દરવાજા

કુરઆન શરીફ માણસના દિલ દિમાગના બંધ દરવાજા ખોલી નાખે છે, પણ એના માટે માણસે કુરઆન શરીફ ખોલવું – પઢવું જરૂરી છે.

### નાના મોટા

દુકાન, હોટલ, ચાયની લારી ઉપર મજૂરી કરતાં નાના બાળકો આપણા માટે નાના હોય છે, પણ એમના ઘરમાં તેઓ જ 'મોટા' હોય છે.

### સંસ્કાર અને શિક્ષણ

માણસના સંસ્કાર અને અખ્લાકના ઘડતરમાં સમાજ અને સંસ્કૃતિ જ મુખ્ય ભાગ ભજવે છે. તાલીમ – શિક્ષણથી સંસ્કાર અને અખ્લાકની જડતા જતી હોય એવું આજ સુધી નથી જોવામાં આવ્યું. માટે તાલીમની સાથે સામાજિક સભ્યતા કેળવવી વધારે જરૂરી છે.

### માં – બાપ

જયાં સુધી માં – બાપ જીવંત હોય, બધી જ મુશ્કેલીઓ આસાનીથી હલ થતી રહે છે.

### ગુંગા અને આખા બોલા

આપણા બધાની એક ખામી આ પણ છે કે, પ્યાર, મુહબ્બત, વિશ્વાસ વ્યકત કરવામાં ગુંગા છીએ અને નફરત વ્યકત કરવામાં આખાબોલા છીએ.

### મુહબ્બતની ખાસિયત

મુહબ્બતમાં મહબૂબની ખામીઓ નથી જોવાતી, નહીંતર અલ્લાહ તઆલા આપણા તરફ એક નજર પણ ન કરત.

### હિમ્મત

કદી હિમ્મત ન હારો. મજબૂત દીવારની જેમ સદા ટટ્ટાર, અડીખમ અને અડગ રહો. યાદ રાખો, તૂટલી દીવારની ઈંટોને લોકો ઠોકરે ચડાવીને લઈ જાય છે.

### હથેળીમાં તારા

હથેળીમાં તારા બતાવવાની કહેવત છે, પણ મજૂર – ખેડૂતની હથેળીના ચામઠાં સાચા તારા કરતાં પણ વધારે ચમકદાર હોય છે.

### ટાંટિયા ખેંચ

ટાંટિયાં ખેંચનારા લોકો અચાનક ટાંટિયા દબાવવા માંડે તો સમજો કે દાળમાં કંઈક કાળું છે.

### ઉમ્મીદ અને શિકાયત

એક એવા સમાજમાં આપણે જીવીએ છીએ જયાં આશા અને ઉમ્મીદ માણસો પાસેથી રાખવામાં આવે છે અને શિકાયત અલ્લાહ તઆલા સામે કરવામાં આવે છે.